# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## HIGH COURT SANAD

રાજ્યની વડી અદાલતે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની માન્યતા પ્રાપ્ત ન હોય તેવી અનુદાનિત અને સરકારી મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને કામચલાઉ સનદ આપવા આદેશ કર્યો છે, જેથી તેઓ આવનારી ઑલ ઈન્ડિયા બાર એક્ઝામમાં બેસી શકે.

આ આદેશ બાદ બાર કાઉન્સિલ ઑફ ગુજરાતે વહેલામાં વહેલી તકે વિદ્યાર્થીઓને કામચલાઉ સનદ આપવાની કામગીરી પૂર્ણ કરાશે તેવી જાહેરાત કરી છે. કામચલાઉ સનદ માટે માટે અરજી કરવાની છેલ્લી તારીખ વડી અદાલતે 31 ઑક્ટોબર નક્કી કરી હોવાથી બાર કાઉન્સિલ મધરાત્રે પણ કામ કરી રહ્યું છે. આ અંગે વધુ માહિતી બાર કાઉન્સિલ ઑફ ગુજરાતના અધ્યક્ષ જે. જે. પટેલે માહિતી આપી હતી.

(બાઈટ - જે. જે. પટેલ, અધ્યક્ષ, બાર કાઉન્સિલ ઑફ ગુજરાત)

................

## FINANCE COMMISSION AT GIR SOMNATH

16માં નાણા પંચની કેન્દ્રીય ટુકડીએ આજે ગીરસોમનાથ જિલ્લાની મુલાકાત લીધી હતી.

જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, વેરાવળ તાલુકામાં આવેલા કાજલી ગામે નાણા પંચે રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત વિવિધ યોજનાઓના ગામમાં અમલવારી અને તેની પ્રગતિ અંગે માહિતી

મેળવી હતી. તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરી યોગ્ય સંશાધન, પ્રાપ્ત ભંડોળ અને વિકાસના વિવિધ કામો અંગે પૂછપરછ કરી હતી. ઉપરાંત નાણા પંચની ટુકડીએ કાજલી પ્રાથમિક શાળા, સેગ્રિગેશન શેડ, કમ્પોસ્ટ પીટની મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. ઉપરાંત પંચે ગામવિકાસ અંગેની દ્રશ્ય-શ્રાવ્ય પ્રસ્તૂતિ પણ નિહાળી હતી.

------------------------------------

## GUJ CABINET MEET

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ બેઠકમાં અતિવૃષ્ટિમાં પાક નુકસાની અંગે સહાય જાહેર કરવા, રાસાયણિક ખાતરની અછત, દિવાળીના આગામી સ્નેહમિલનના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી કાર્યક્રમો અને રાજ્ય સરકારના આગામી આયોજનો તેમજ નીતિગત વિષયોની સમીક્ષા કરવામાં આવી હતી.

-------------------

## GIR SOMNATH RAJUAAT

ગીરસોમનાથ જિલ્લામાં ભારે વરસાદથી થયેલા નુકસાનીનો સરવે કરાવવા ભાજપના મહામંત્રીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. પત્રમાં લખ્યું કે, ભારે વરસાદ અને પૂરના કારણે 6 ઑક્ટોબરથી અત્યાર સુધીમાં જિલ્લામાં મગફળી, કપાસ, સોયાબીન, શાકભાજી અને અન્ય પાકને ઘણું નુકસાન થયું છે. આવા સમયે ખેડૂતોની પરિસ્થિતિને ધ્યાને લઈ સરવે અને સહાય માટે વિશેષ રાહત ભંડોળ જાહેર કરવામાં આવે.

-------------------

## MEHSANA - JAL SHAKTI ABHIYAN

જળશક્તિ મંત્રાલયના સંયુક્ત સચિવ લોચન સહેરા સહિતના અધિકારીઓની ટીમ મહેસાણાની બે દિવસીય મુલાકાતે છે. આ ટીમે કેન્દ્ર સરકારના જળ શકિત અભિયાન કેચ ધી રેઇન - અંતર્ગત જિલ્લામાં જળ સંચયના થયેલા કામોની સમીક્ષા કરી હતી. આ ટીમે મોઢેરાના ગામ તળાવના સુશોભનની કામગીરી જોયા બાદ આ જ મોડલના તળાવો બનાવવા જણાવ્યું હતું, અને બહુચરાજી ૩ એમ.એલ.ડી ના એસ ટી.પી ની મુલાકાત લીધી હતી. આ સાથે તેમણે જિલ્લાના થોળ તળાવ, વિસનગર અને કમાણા ગામની પણ મુલાકાત લીધી હતી.

---------------------------

## VADODARA IT DARODA

વડોદરાના ત્રણ જેટલા જાણીતા બિલ્ડર ગ્રુપ પર આજે આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હોવાના અહેવાલ છે.

વડોદરાના અમારા પ્રતિનિધિ નિર્મિત દવે જણાવે છે કે, આવકવેરા વિભાગે દરોડા દરમિયાન રિયલ એસ્ટેટ ગ્રુપ સાથે સંકળાયેલા અન્ય ધંધા-વેપાર અને આર્કિટેક્ટના એક ડઝનથી વધુ સ્થળોએ તપાસ હાથ ધરી છે.

-----------------

## DAMAN-SWACHHTA ABHIYAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં CGST દમણ કમિશનરેટ દ્વારા જમ્પોર બીચ પાસે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. જેમાં CGSTના અધિકારીઓ, કર્મચારીઓ, દમણ તટરક્ષક દળ, દમણ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન, સામાજિક સંસ્થાઓ અને કોલેજના વિદ્યાર્થીઓએ દોઢ કિલોમીટર સુધી દરિયાકાંઠાની સફાઈ કરી હતી અને સ્વચ્છતા વિશે અન્ય લોકોને પ્રેરિત કર્યા હતા.

---------

## VADODARA BULLET TRAIN BRIDGE

મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પ્રૉજેક્ટ માટે પશ્ચિમ રેલવે વડોદરાની બાજવા-છાયાપુરી તાર લાઈન પર 60 મીટર લંબાઈના સ્ટીલના બ્રિજનું લોકાર્પણ કરાયું હતું. બૂલેટ ટ્રેન પ્રૉજેક્ટ માટે વડોદરા વિભાગ પર બનેલા 60 મીટર લાંબા "મેક ઇન ઇન્ડિયા" સ્ટીલ બ્રિજનું નિર્માણ ભચાઉની કાર્યશાળામાં કરાયું છે. સો વર્ષના આયુષ્ય માટે તૈયાર કરાયેલા આ બ્રિજને કામચલાઉ માળખા પર જમીનથી 23.5 મીટરની ઊંચાઈએ એસેમ્બલ કરાયો હતો.

જાપાનની કુશળતાનો ઉપયોગ કરીને ભારત "મેક ઇન ઇન્ડિયા" પહેલ હેઠળ માળખાગત સુવિધાનું નિર્માણ કરવા માટે તેના પોતાના તકનિકી અને ભૌતિક સંસાધનોનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે. બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેનો સ્ટીલનો પુલ આ પ્રયાસનું એક મોટું ઉદાહરણ છે.

.................